# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-05-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

*****************************************************

1) નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિયેતનામના રાષ્ટ્રપતિ ટુ લામ વચ્ચે વાટાઘાટો... બંને દેશો વચ્ચે ડિજિટલ ટેકનોલોજી સહિતના ક્ષેત્રોમાં અનેક કરારો થયા
2) ટીવીકેના વડા વિજયે આજે રાજ્યપાલ સમક્ષ તમિલનાડુમાં આગામી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો
3) ટ્રમ્પે કહ્યું છે કે જો ઈરાન કરાર માટે સંમત નહીં થાય તો બોમ્બમારો વધુ તીવ્ર બનશે અને કરાર કરશે તો યુધ્ધ સમાપ્ત થશે
4) શેરબજારમાં આજે તેજીનો માહોલ સેન્સેક્સમાં 941 પોઈન્ટ અને નિફ્ટીમાં 298 પોઈન્ટનો ઉછાળો
5) IPL ક્રિકેટમાં પંજાબ કિંગ્સે ટોસ જીતીને સનરાઇઝર્સ હૈદ્રાબાદને બેટિંગ સોંપી

............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM VIETNAM- 1

ભારત અને વિયેતનામ વચ્ચે આજે ડિજિટલ ટેકનોલોજી, રેર અર્થ્સ, મેડિકલ પ્રોડક્ટ્સ રેગ્યુલેશન, પબ્લિક સેક્ટર ઓડિટ, ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ અને સંસ્કૃતિ અને પર્યટન ક્ષેત્રોમાં અનેક કરારો પર હસ્તાક્ષર થયા. આજે બપોરે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને વિયેતનામના રાષ્ટ્રપતિ ટુ લામ વચ્ચે થયેલી વાતચીત બાદ આ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. વાતચીત દરમિયાન, બંને નેતાઓએ દ્વિપક્ષીય સંબંધોના વિવિધ ક્ષેત્રોમાં વિસ્તૃત ચર્ચા કરી.

વાર્તાલાપ પછી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, એક મહિનાની અંદર વિયેતનામના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા બાદ રાષ્ટ્રપતિ ટુ લામની ભારતની પ્રથમ રાજ્ય મુલાકાત દર્શાવે છે કે તેઓ ભારત-વિયેતનામ સંબંધોને કેટલી પ્રાથમિકતા આપે છે.

(બાઇટ-નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી- RELATION)

શ્રી મોદીએ કહ્યું કે, સહિયારા વારસાને જીવંત રાખવા માટે, ભારત વિયેતનામની પ્રાચીન ચંપા સભ્યતાના માય સન અને ન્હાન તાઉ મંદિરોને પુનઃસ્થાપિત કરી રહ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે, હવે ભારત ચંપા સભ્યતાની હસ્તપ્રતોનું પણ ડિજિટલાઇઝેશન કરશે અને ભવિષ્યની પેઢીઓ માટે આ અમૂલ્ય વારસાનું રક્ષણ કરશે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી- CULTURE)

# NEW PM VIETNAM- 2

તેમણે કહ્યું કે, દવાઓના સમજૂતી કરારથી, વિયેતનામમાં ભારતની દવાઓની પહોંચ હવે વધશે. શ્રી મોદીએ કહ્યું કે, ભારતની કૃષિ, મત્સ્યઉદ્યોગ અને પશુ ઉત્પાદનો પણ વિયેતનામમાં સરળ નિકાસ જોશે. તેમણે કહ્યું કે, નાણાકીય જોડાણને વધારવા માટે, આજે બંને પક્ષોએ કેન્દ્રીય બેંકો વચ્ચે સહયોગ વધારવાનો નિર્ણય લીધો છે.

(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી- TRADE)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતની UPI અને વિયેતનામની ઝડપી ચુકવણી પ્રણાલીને પણ ટૂંક સમયમાં જોડવામાં આવશે. તેમણે કહ્યું કે, વિયેતનામ ભારતની એક્ટ ઇસ્ટ પોલિસી અને વિઝન ઓશનનો મુખ્ય આધારસ્તંભ છે. બંને પક્ષો ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં પણ એક સમાન દૃષ્ટિકોણ ધરાવે છે. શ્રી મોદીએ કહ્યું કે, સંરક્ષણ અને સુરક્ષા સહયોગને મજબૂત કરીને, ભારત અને વિયેતનામ કાયદાના શાસન, શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિમાં યોગદાન આપવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે, વિયેતનામના સહયોગથી, ભારત ASEAN સાથેના તેના સંબંધોને પણ વિસ્તૃત કરશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, પહેલગામ આતંકવાદી હુમલાની કડક નિંદા કરવા અને આતંકવાદ સામેની લડાઈમાં ભારતના લોકો સાથે ઉભા રહેવા બદલ ભારત વિયેતનામનો આભારી છે.

# RAJNATH-VIETNAM

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે નવી દિલ્હીમાં વિયેતનામના નાયબ પ્રધાનમંત્રી અને સંરક્ષણ મંત્રી જનરલ ફાન વાન ગિઆંગ સાથે મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી સિંહે કહ્યું હતું કે ભારત વિયેતનામ સાથેના દીર્ઘકાળના સંબંધોને મહત્વ આપે છે. તેમણે ઉમેર્યું હતું કે બંને નેતાઓ વચ્ચેની વાતચીત ભારત અને વિયેતનામ વચ્ચે સંરક્ષણ સહયોગને વધુ મજબૂત બનાવવા પર કેન્દ્રિત હતી. મંત્રીએ નોંધ્યું હતું કે આ ચર્ચા સંબંધોમાં સકારાત્મક ગતિ દર્શાવે છે. શ્રી સિંહે ઉમેર્યું હતું કે તેઓ વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે આતુર છે.

# FUR REV TN-POLITICAL SITUATION

ટીવીકેના વડા વિજયે આજે રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર સાથેની મુલાકાતમાં તમિલનાડુમાં આગામી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો છે. વિધાનસભા ચૂંટણી પછી સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવેલી તેમની પાર્ટી, તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) ને 118 ના બહુમતી આંકડો સુધી પહોંચવા માટે 10 બેઠકોની જરૂર છે. હવે વિજય માટે ગૃહમાં તેમની સરકારની બહુમતી સાબિત કરવાની રહેશે.

આ અગાઉ, તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકર આજે બપોરે કેરળથી ચેન્નાઈ પહોંચ્યા હતા. મીડિયા સાથે વાતચીત કરતા તેમણે કહ્યું કે તેમને એક ઈમેલ મળ્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે), જેણે 108 બેઠકો જીતી છે, તેમણે તેમની સાથે મુલાકાત માટે સમય માંગ્યો છે. પક્ષે પત્રમાં બહુમતી સાબિત કરવા માટે બે અઠવાડિયાનો સમય આપવા વિનંતી પણ કરી હતી.

અન્ય એક રાજકીય ઘટનાક્રમમાં, AIADMKના ચૂંટાયેલા ધારાસભ્યોનો એક વર્ગ ઇચ્છે છે કે પાર્ટી નેતૃત્વ TVK ને ટેકો આપે. પાંચ ધારાસભ્યો ધરાવતી કોંગ્રેસે પણ TVKને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. TVK ને ટેકો આપવાને લઈને લાંબા સમયથી DMK અને કોંગ્રેસ વચ્ચે મતભેદ છે.

# ASSAM HEMNATA BISWA SHARAM GOVT RESIGN

આસામમાં વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી ડૉ. હિમંત બિસ્વા શર્માએ આજે ગુવાહાટીના લોકભવનમાં રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યને પોતાનું રાજીનામું સુપરત કર્યું. આ રાજીનામાથી પરિણામોની જાહેરાત પછી રાજ્યમાં નવી સરકારની રચનાનો માર્ગ મોકળો થયો છે.

બાદમાં મીડિયા સાથે વાત કરતા ડૉ. શર્માએ જણાવ્યું કે રાજ્યપાલે નવી સરકાર રચાય ત્યાં સુધી મંત્રી પરિષદને કાર્યકારી સરકાર તરીકે કાર્યરત રહેવા કહ્યું છે.

# KOLKATA-MAMATA'S MEETING

આજે કોલકાતામાં, તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જીએ તેમના પક્ષના વિજેતા ઉમેદવારો સાથે એક બેઠક બોલાવી હતી. આ બેઠક કાલીઘાટ સ્થિત તેમના નિવાસસ્થાને યોજાઈ હતી, જ્યાં 80 માંથી 69 વિજેતા ઉમેદવારો હાજર હતા.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# GUJ-BOARD RESULTS

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે ફેબ્રુઆરી અને માર્ચમાં લેવાયેલી ધોરણ 10 ની SSC પરીક્ષાઓનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. નિયમિત વિદ્યાર્થીઓનો કુલ પાસિંગ ટકાવારી 83.86 ટકા છે, જે ગયા વર્ષના પ્રદર્શન કરતા સતત વધારો દર્શાવે છે. પરીક્ષા આપનારા 7 લાખ 56 હજાર નિયમિત વિદ્યાર્થીઓમાંથી 6 લાખ 34 હજારથી વધુ વિદ્યાર્થીઓએ ઉત્તીર્ણ થયા છે.

રાજ્યના પ્રદર્શનની દ્રષ્ટિએ, નર્મદાનું 90.85 ટકા સાથે સૌથી વધુ પરિણામ પ્રાપ્ત કરનાર જીલ્લો બન્યો છે જ્યારે  પંચમહાલમાં સૌથી ઓછુ 76.42 ટકા પરિણામ આવ્યું છે. 80.12 ટકાની સરખામણીમાં 88.28 ટકા પાસિંગ ટકાવારી સાથે છોકરીઓએ છોકરાઓ કરતાં વધુ સારુ પ્રદર્શન કર્યું છે. વધુમાં, રાજ્યભરની એક હજાર છસો 97 શાળાઓનું સો ટકા જ્યારે 39 શાળાઓનું શૂન્ય ટકા પરિણામ જાહેર થયું છે.

# TRUMP-IRAN

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન યુદ્ધ અને નાકાબંધી એક કરાર થતાની સાથે જ સમાપ્ત થઈ શકે છે, પરંતુ જો ઈરાન કરાર માટે સંમત ન થાય તો બોમ્બમારો વધુ તીવ્ર બનશે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી ટ્રમ્પે કહ્યું હતું કે, જો ઈરાન સંમત થાય છે, તો ઓપરેશન એપિક ફ્યુરીનો અંત આવશે. તેમણે એમ પણ ઉમેર્યું હતું કે યુએસ નાકાબંધી હોર્મુઝ સ્ટ્રેટને ઈરાન સહિત બધા માટે ખુલ્લો રાખવાની મંજૂરી આપશે. અમેરિકન રાષ્ટ્રપતિએ એવી પણ ધમકી આપી હતી કે જો ઈરાન આ કરાર કરવા સંમત ન થાય તો બોમ્બમારો ફરી શરૂ કરાશે.

# DETAILED STOCKS

પશ્ચિમ એશિયામાં તણાવ ઘટાડો થવાની આશા વચ્ચે આજે સેન્સેક્સ 941 પોઈન્ટ વધીને 77 હજાર 959 પર બંધ થયો, જ્યારે નિફ્ટી 298 પોઈન્ટ વધીને 24 હજાર 331 પર બંધ થયો.

અગાઉ, સકારાત્મક વૈશ્વિક સંકેતો વચ્ચે બજાર ગેપ-અપ સાથે ખુલ્યું. બપોરના સત્ર દરમિયાન સૂચકાંકો થોડા સમય માટે ઘટ્યાં હતા. બાદમાં ક્રૂડ ઓઇલના ભાવ ઘટતાં  ઉછળ્યા હતા. સેન્સેક્સ પેકમાં, 30માંથી 21 કંપનીઓના શેરમાં વધારો નોંધાયો. ટોચના પ્રદર્શન કરનારાઓમાં, ઈન્ડિગો, ટ્રેન્ટ અને એશિયન પેઇન્ટ્સ વધ્યા હતા જ્યારે રિલાયન્સ  લાર્સન અને ટુબ્રો, પાવરગ્રીડ 1.1 ટકા ઘટ્યા હતા.

# IPL CRICKET

IPL ક્રિકેટમાં આજે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે સનરાઇઝર્સ હૈદરાબાદ અને પંજાબ કિંગ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. પંજાબ કિંગ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. હમણાં મળતા અહેવાલ મુજબ સનરાઇઝર્સ હૈદરાબાદે 5 ઓવરમાં 1 વિકેટે 65 રન બનાવ્યા છે.

# CBI- CYBER SLAVERY

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ ભારતીય નાગરિકોને 'સાયબર સ્લેવર' માં મોકલતા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. CBI ના જણાવ્યા અનુસાર, આ નેટવર્ક દ્વારા વિદેશી નોકરીની લાલચના બહાને ભારતીય નાગરિકોને દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં લઈ જવાતા હતા. તપાસના ભાગ રૂપે, CBI એ મુંબઈ, દિલ્હી, લખનૌ, કાશીપુર અને ઉત્તર પ્રદેશના ગોંડા અને સહારનપુર જિલ્લાઓ સહિત ચાર રાજ્યોમાં નવ સ્થળોએ દરોડા પાડ્યા હતા. તપાસ એજન્સીએ નેટવર્કમાં સામેલ લોકોને શોધવા માટે ક્રિપ્ટોકરન્સી સહિતના નાણાકીય વ્યવહારો પણ ટ્રેક કર્યા હતા. ટ્રાફિકિંગ કામગીરીમાં ભૂમિકા બદલ લખનૌમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.